શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૦૩ • તા.૦૩ થી ૦૯ મે ૨૦૨૨



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




પરબ
શક્તિ સંજીવની સોસાયટી
સખ્ય ■ સાથ ■ સ્નેહ

# પરબ શક્તિ સંજીવની દ્વારા નારી શક્તિ સશક્તિકરણ માટે ઉત્કૃષ્ટ પગલું મંડાયુ


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સ્ત્રી એટલે ઘરનો પાયો

કોઈ વિચારક એ ખરું કહ્યું છે કે પુરૂષ ચાર દિવાલો ઉપર છાપરું બાંધીને મકાન બનાવી શકે છે. પણ આ મકાનને ઘર સ્ત્રી બનાવે છે. ત્યાગ, સમર્પણ અને સુશ્રુષા ભાવથી એ આ કામ સુપેરે કરી શકે છે. વિધાતાના નવનિર્માણની કળાકૃતિનો પર્યાય એટલે સ્ત્રી. અસ્તિત્વની ઉજવણી કરી જાતે સંઘર્ષ પથ પર પ્રકાશ પુંજ પાથરનારી વ્યક્તિ એટલે સ્ત્રી. જિંદગીના રંગમંચ પર રિહર્સલ વગર પૂર્વ લેખિત સ્ક્રીપ્ટ વગર પોતાની ભૂમિકા સફળતાપૂર્વક નિભાવતું ઈશ્વરનું અદ્‌ભૂત સર્જન એટલે સ્ત્રી.

છેલ્લા બાર માસ ઉપરાંતથી કોરોનાના કપરા કાળના સમય ગાળા દરમ્યાન આર્થિક, માનસિક શારીરિક એમ ત્રિવિધ કષ્ટ ઝેલીને પરિવાર માટે આધારસ્તંભ બનીને અડગ અને અડીખમ ઊભી છે. ન કોઈ સાપ્તાહિક છૂટી, ન કોઈ વેકેશન, ન કામ ફરજના કોઈ નિશ્ચિત કલાકો તે છતાં ૨૪×૭×૩૬૫ દિવસ અખંડ અને અવિરત રોબોટની જેમ યંત્રવત અને ઘરના દરેક નાના મોટા સભ્યોને સંતોષ તેમજ સમાધાનપૂર્વક સગવડો કરી આપે છે. જેમાં તેઓને ફરિયાદનો કોઈ મોકો પણ મળતો નથી. તેની સામે એને શું મળે છે? એનો કોઈ વિચાર કર્યો છે ખરો?

અત્યારની સ્ત્રી ભણી ગણી ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. પોતાના જ્ઞાન, શિક્ષણ અને યોગ્યતાના બળે પગભર પણ છે. અગાઉના સમયમાં ઘરની દીકરી ભણતરમાં હોંશિયાર હોવા છતાં તે વધુ આગળ કેળવણી મેળવે એ માટે માવતરો નાખુશ રહેતાં છોકરીને વધુ ભણીને શું કરવું છે. આખરે સાસરે જઈ ચૂલા ચોકા જ કરવા છે ને? રસોઈ અને ઘરકામમાં માહિર હોવું એ જાણે પ્રત્યે દીકરીની યોગ્યતા ગણાતી. દરેક પુત્રીને તું તો પારકી થાપણ કહેવાય. એવું કહીને એ આ ઘરમાં ટૂંક સમય માટે જ છે એવી વિચાર ભાવના જણાવાતી. સ્ત્રી શારીરિક રીતે કમજોર નથી હોતી કે નથી હોતી માનસિક રીતે. પણ પુરૂષ સમાજ તેને કમજોર ગણાવી તેની શક્તિને બહાર પ્રગટ કરવા નથી દેતો. એટલે જ્યારે તેને મોકો મળે ત્યારે પૂરે પૂરી રીતે પોતાની આંતરિક પ્રતિભા બહાર છલકાવી દે છે અને પોતે પુરૂષથી સહેજે ઉતરતી નથી એ સાબિત કરી દે છે.

મનુ સ્મૃતિમાં વેદકાળથી यत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवता એમ કહેવાયું છે. એટલે જે પરિવારમાં સ્ત્રીની શક્તિની, તેની ભાવનાની કદર થાય છે, સન્માન થાય છે ત્યાં દેવો પણ નિવાસ કરે છે. તો આજનો કવિ એવું લખ્યું છે કે अपमान मत करना, नारीयों का इनके बल पर जग चलता है, पुरुष जन्म लेकर तो इन्हीं की गोद में पलता है।

જે ઘર આંગણામાં બીજ બનીને રોપાઈ વીસ બાવીસ વર્ષ ઉછરી પરિપક્વ વૃક્ષ બનીને મહોરે ત્યાંથી ઉખડીને અન્ય આંગણામાં નવી જમીન, નવા માહોલમાં નવા ખાતર પાણીથી સેટ થાય છે. એમ નવો પરિવાર, નવા સંસ્કાર, નવા આચાર વિચારમાં ભળી જેમ સરિતા સાગર સમાઈ જાય છે એમ ભળી જાય છે. આ ત્યાગ, સમર્પણ કેવળ સ્ત્રી જ કરી શકે છે એટલે જ ઘરનો પાયો સ્ત્રી છે. જેની ઉપર ઘરનો ભાર, મદાર અને આધાર રહેલો છે.

-જય જ્ઞાતિમૈયા

# સજ્જનોની જાગૃતિ સમાજ માટે ઉપકારી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

જ્ઞાનીઓ જણાવે છે કે ધાર્મિકજનોનું જાગવું અને અધર્મીઓનો સૂઈ રહેવું સમાજ માટે શ્રેયકર છે. પરંતુ જો સારા માણસો સમયસર જાગે નહીં અને ખરાબ માણસો જાગીને ઉપદ્રવ મચાવતા રહે એ સમાજ માટે સારી નિશાની નથી. ક્રુર અને જુલમી માણસ સક્રિય થઈ સજ્જનો પર ત્રાસ વર્તાવે તો શાંતિ, સુખને હાનિ પહોંચવાની જ છે એ જ પ્રમાણે સજ્જન વ્યક્તિઓ ખોટું થઈ રહ્યું હોવાનું જાણવા છતાં લાંબી સોડતાણીને સૂતા રહે તો ઉપદ્રવી તત્વોને માટે મોકળું મેદાન બની રહે છે. સતા અને શક્તિ ખરાબ માણસોના હાથે ચડી જાય તો સંપતિ એક દિવસ તળીયે જવાની છે.

આ માયાવી જગમાં દરેક માણસ સુખને શોધે છે. કોઈને સતામાં સુખ દેખાય છે, કોઈને પદ કે પ્રતિષ્ઠામાં એ મળ્યાં છતાં સંતોષ મળતો નથી. આમ જે વસ્તુની વધુ ઈચ્છા હોય તલપ હોય એ ન મળે ત્યાં સુધી તેની ઝંખવા રહેવાની. મેળવવાની તલપ ઝાંઝવાના જળ જેવી છે. સુખ અને સંતોષના ટાપુ પર કોઈ સરળતાથી પહોંચી શકતું નથી. ઈચ્છાઓ અધૂરી રહી જાય છે. સુખના દિવસો ભોગવવામાં વીતી જાય છે. આમાં પણ વિનય, વિવેક અને સંયમ હોવા જરૂરી છે. વધુ પડતું જે કંઈ પણ આવે તે છેવટે દુઃખમાં પરિણામે છે. સ્વપ્નો કોઈના ક્યારે પૂરા થયાં નથી. કંઈક તો અધૂરું રહી જાય છે. જીવનનો અર્થ આપણી ભીતરમાં છે. આપણે જાગૃત થઈ જઈએ તો જીવનનો અર્થ પણ જાગશે અને તેને લીધે જ મનની બેહોશી દૂર થશે.

માણસ જે કંઈ કરી રહ્યો છે તેના કરતાં શા માટે કરી રહ્યો છે તેનું વધુ મહત્વ છે. કર્મ કરવું પડે છે અને જે જરૂરી પણ છે. જીવન જીવવા માટે અને ટકવા માટે એ જરૂરી છે. અપેક્ષા અને વાસના વચ્ચે જોજનો નો ફરક છે. જરૂરત બધાની પૂરી થવી જોઈએ પણ ઈચ્છાઓ, અપેક્ષાઓ અને આંકાક્ષાઓ અનંત જેવી છે. જે કદી પૂરી થતી નથી. ભૂખ્યો માણસ રોટી માટે જેની પાસે અંગ ઢાંકવા વસ્ત્ર નથી તે વસ્ત્રો માગે તે સમજી શકાય પણ જે સધ્ધર છે, શ્રીમંત છે તે જો ભિખારી વૃત્તિ ધારણ કરી માંગ માંગ કરી હાથ ફેલાવે તો તેને વાસના કહેવી જોઈએ. માયામાં લપેટાયેલો માનવી માયા ત્યાગે તો ત્યાગી અને તપસ્વી તુલ્ય થઈ બની રહે છે.

માણસ પાસે કશું ન હોય અને કંઈ મળે એવી આશા લાંબે સુધી ન હોય ત્યારે જો એમ કહે કે હું ત્યાગી છું, પ્રામાણિક છું, સદાચારી છું તેનો કોઈ અર્થ રહેતો નથી. ત્યાગની ખરી પરીક્ષા સંસારની અંદર છે. જે છે તેનો સ્વીકાર છતાં મનથી બધું છૂટી જવું જોઈએ. એટલે જ જ્ઞાનીજનો ભાગી જવાનું નહીં પણ જાગી જવાનું કહ્યું છે. સજ્જનોની સજાગ અવસ્થા જાણી દુર્જનો પોતે ભાગવા મજબૂર થાય છે. સમાજની સારપ સારા માણસોની જાગૃતતાથી છે.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# પરબ શક્તિ સંજીવની દ્વારા નારી શક્તિ સશક્તિકરણ માટે ઉત્કૃષ્ટ પગલું મંડાયુ




તા.૨૩ એપ્રિલ શનિવાર રોજ પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા યોજિત ફેશન, ફૂડ અને લાઈફ સ્ટાઈલ ફેસ્ટિવલ આરૂણ્ય નામથી નારાણજી શામજીવાડી માટુંગામાં યોજાયો હતો. એક્ઝિબિશન સાથે સેલનું ઉદ્‌ઘાટન એફ નોર્થ વોર્ડ ક્ર.૧૭૭ના પૂર્વનગરસેવિકા નેહલ અમર શાહ-ખોનાના હસ્તે થયું.

ગ્રાઉન્ડ ઉપરાંત ત્રણ માળમાં ૭૦ જેટલા વિવિધ આઈટમના સ્ટોલમાં વિવિધ વેરાયટી વસ્તુઓ પ્રદર્શિત અને વેચાણ કરાઈ હતી. ફેશન એક્સસરીઝ અને પર્સનલ સ્ટાઈલીંગ પ્રોડકટસ જેમાં તરહતરહ જાતના વસ્ત્રો, હેન્ડ બેગ, જવેલરી. ઉપરાંત ટેરોટ રીડીંગ, કાંસ્યા ફુટ મસાજર, ક્રિસ્ટલ હીલીંગ, ડ્રાયફ્રૂટ, ચોકલેટ ડેઝર્ટ અને કેક વિગેરે વસ્તુઓ ઉમદા ક્વોલિટી અને કિફાયત દરથી વેચાણ માટે પ્રદર્શિત થઈ હતી.

ત્રીજા માળે હોમમેડ ખાદ્ય વસ્તુઓના સ્ટોલ રાખ્યા હતા. જે કિફાયતી ભાવ અને હેલધી અને ટેસ્ટી ડિશની લિજજત મુલાકાતીઓએ માણી હતી.

સમાજસેવાના ઉદેશ સાથે અને માનવ કલ્યાણ ભાવના ઉતેજન માટે પરબએ પહેલ કરીને એનિમલ કેર અને કેડીઓ દિવ્યાંગ બન્ને એનજીઓ સંસ્થાને સ્ટોલ ફાળવ્યા હતા. બધા સ્ટોલ અગાઉથી જ બુક થઈ ગયા હતા. છતાં આગલા દિવસ સાંજ સુધી સ્ટોલ બુકીંગ માટે પુચ્છા થતી રહી હતી.

સમગ્ર એક્ઝિબિશન પધ્ધતિસર આયોજન અને મોકળાશ ભરી જગા રાખીને કરાયું હતું. પ્રથમ માળે વડીલો માટે, વિશ્રાંતિ લેવા ઈચ્છુક મુલાકાતીઓ બેઠક માટે ખુરશીની વ્યવસ્થા કરાઈ હતી. ટીમ પરબએ માવજત ભરી સંભાળ લઈ સૌના દિલ જીતી લીધા હતા. આ મેગા પ્રદર્શન સફળ, ઉત્સાહવર્ધક અને પ્રોત્સાહક પ્રતિભાવ આપનારું રહ્યું હતું.

# સમસ્ત મહાજનના કેડીઓ દિવ્યાંગ સમિતિને પરબ શક્તિ સંજીવનીનો વિશેષ સહયોગ મળ્યો



આરૂણ્ય જેવો અર્થસભર નામ ધરાવતા આ વેંચાણ સહ પ્રદર્શન ઉત્સવમાં દિવ્યાંગોને બે સ્ટોલ અપાયા હતા. જે બન્ને સ્ટોલ એક શુભેચ્છક દ્વારા સ્પોન્સર કરાયા હતા. ત્રણ દિવ્યાંગ પ્રદર્શનમાં ભાગ લીધેલ શ્રવણબધિર દંપતી નિલેશ અને તૃપ્તિ પટેલ કાપડની થેલીઓ, સુશોભિત એન્વલપ્સ અને ચોકલેટો વેંચાણ અને પ્રદર્શનમાં રાખી હતી. સ્પેશિયલ ચાઈલ્ડ શૌર્ય મૈશેરીએ વિવિધ પ્રકારના ડિર્ટજન અને ક્લિનિંગ લિક્વિડ અને પાવડરનું પ્રદર્શન અને સેલ રાખ્યું હતું. એવી જ રીતે સ્પેશિયલ ચાઈલ્ડ પ્રશાંત દંડએ જૈન સ્તવન રેડિયો, સિરામિક ક્રોકરી અને ધૂપસળીઓ વેંચાણ માટે પ્રસ્તુત કરી હતી. તેઓને મદદ કરવા માટે એક એકવાલીઓ સાથે રહ્યાં હતાં.

આ રીતે સામાન્યજનોના વાણિજ્યિકમાં હિસ્સો લેવાની તક મળતા અને હકીકતમાં તેમાં ભાગ લેવાથી આ દિવ્યાંગો ઉપર ઘણો ઊંડો સકારાત્મક પ્રભાવ પડ્યો એ તેમના તરફથી અપાયેલ પ્રતિભાવોથી સ્પષ્ટ જણાઈ આવે છે.

શૌર્ય મૈશેરી વતી તેમની માતા યોગિનીબેન એ પ્રતિભાવ વ્યક્ત કર્યો કે "Jai Jinendra, We are blessed to be a part of such an intense, integral and exquisite Family. You people have boosted our spirits such high that now disabile feeling has just become a word. We Thank each and every member of Parab Sanstha. Gratitude to Shilpa Ben Ajani,Kashmira Ben Luthia and Divyang Samiti Group for such a great opportunity જ્યારે પ્રશાંત દંડે પોતાની આગવી બોલી શૈલીમાં પ્રતિભાવ આપ્યો કે "Barf Pase jaiye to thandak male. Full Pase jaiye to sugandh male. Silpa Ban pase jaiye to aanad aanad male .bahu Mazza aavi. Thank you anti." આત્મનિર્ભરતાના આનંદ થકી આ દિવ્યાંગોનું આત્મબળ કેટલું સધ્ધર થયું તેનો આથી મોટા પુરાવો બીજો કયો હોઈ શકે?

આ પહેલા પણ તા.૩૦ અને ૩૧ માર્ચ ૨૦૨૨ના પરબ દ્વારા આયોજિત કરવામાં આવેલ અનાજ વિતરણ પ્રકલ્પમાં પણ બે દિવ્યાંગોને રાહતના દરે સ્ટોલ આપવામાં આવ્યા હતા.



# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવક મંડળ, રાયપુર ના પદાધિકારીઓ નિમાયા

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવક મંડળ, રાયપુર (છત્તીસગઢ) ની તારીખ ૨૪/૦૪/૨૦૨૨ – (૦૧.૦૪.૨૦૨૨ થી ૩૧.૦૩.૨૦૨૫) ની ત્રિવાર્ષિક ચૂંટણી મહાજન પ્રમુખ અને વડીલ લોકોની હાજરીમાં સંપન્ન થઈ હતી. જેમાં વીરલ રાજેશ લોડાયા પ્રમુખ તરીકે સર્વાનુમતે ચૂંટાયા હતા અને તેમને પોતાની કારોબારી બનાવવાની મંજૂરી આપવામાં આવી હતી. કારોબારી નીચે મુજબ છે:–

પદાધિકારીઓ : પ્રમુખ વિરલ રાજેશ લોડાયા, ઉપપ્રમુખ શ્રીમતી દીપા નયન છેડા, ઉપપ્રમુખ જીજ્ઞેશ ગીરીશ નાગડા, સેક્રેટરી કરણ દીપક નાગડા, જો.સેક્રેટરી શ્રીમતી પૂજા હિતેશ મોમાયા, જો.સેક્રેટરી સંભવ ચંદ્રેશ છેડા, ખજાનચી રૌનક વિજય લોડાયા.

કાર્યકારો – શ્રીમતી ધારા જીગર, રાજ પ્રવીણ લોડાયા, શ્રીમતી શીતલ અનિલ લોડાયા, કુ.કિરણ કીર્તિ પોલાડિયા, સિલ્વર પ્રવીણ મોમાયા, રિષભ દીપક લાલકા, હર્ષિતા ચંદ્રેશ છેડા, જય હરીશ લોડયા, કૃષ્ણ દિપેશ લાલકા.

સલાહકાર સમિતિ : નિતેશ ઉમરશી મશેરી, નયન સતીષ છેડા, શ્રીમતી વીણા સચિન મોમાયા, ધવલ મહેન્દ્ર લોડાયા.


ઉદાર હાથે સહાય કરો
અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD
KDO Swaroj
KDO BUSINESS
80G સર્ટિફીકેટ
C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY
KDO SANJIVANI
KDO દિવ્યાંગ
स्वाभिमान
AAWAAS
KDO UDAAN

For NEFT Transfer

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# શ્રી મુલુંડ પૂર્વ સંઘના આંગણે આદેશ્વર અલબેલો રે અનુષ્ઠાન સાનંદ સંપન્ન





શ્રી મુલુંડ (પૂર્વ) અચલગચ્છ જૈન સંઘના આંગણે પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મરત્નસાગરજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી સુશીલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૧૦ની નિશ્રામાં પ.પૂ.સાધ્વીશ્રી કુશલગુણાશ્રીજી મ.સા.ની વર્ષીતપની અનુમોદનાર્થે યુવા વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયાના સંગીતમય સથવારે આદેશ્વર અલબેલો રે અનુષ્ઠાન સાનંદ સંપન્ન થયા.

# રચના મહિલા મંડળ મુલુંડ દ્વારા કચ્છ દરબાર વસઈની પિકનિક યોજાઈ

મુલુંડના રચના મહિલા મંડળ દ્વારા તા. ૧૮ એપ્રિલ મંગળવારના દિને વસઈના કચ્છ દરબારની અડધા દિવસની પિકનિકની આયોજન કરાયું હતું. જેમાં ૪૪ મેમ્બર્સ અને ૮ ગેસ્ટએ ભાગ લીધો હતો.

શરૂઆતે ચા-બિસ્કીટને ન્યાય આપી બસમાં રમતોની મજા માણતાં ગંતવ્ય સ્થાન કચ્છ દરબાર વસઈ પહોંચ્યા. એસી હોલમાં હાઉસી સૌ એ રમી. ત્યારબાદ સૌએ અવનવી વાનગીઓનો રસાળ રસથાળ ભરપેટ માણ્યો. સેલ્ફી પોઇન્ટમાં સૌએ મસ્ત ફોટા પાડ્યા ત્યાર પછી ડી.જે.ના સથવારે તાલ લઈ ઝુમ્યા, નાચ્યા. પાછા ફરતા બસમાં અંતાક્ષરી રમતા રમતા સ્વ સ્થળે સુખરૂપ પહોંચ્યા. સૌ સભ્યોનો સાથ સહકાર એ જ રચના મહિલા મંડળની શોભાનું શિખર છે.

# ખંડાલા હિલ સ્ટેશને જૈન જ્ઞાનસત્રની ૮૩મા ત્રિદિવસીય શિબિરનો શુભારંભ





મુંબઈથી નજીક ખંડાલા હિલ સ્ટેશનમાં શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ આયોજિત દાદા કલ્યાણસાગરસૂરી જૈન જ્ઞાનસત્રના ૮૩મી ત્રિદિવસીય શિબિર પ.પૂ.સાધ્વી શ્રી વિશ્વકીર્તિશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં સમાજના શ્રેષ્ઠી અગ્રણીઓની હાજરીમાં તા.૨૬ એપ્રિલ મંગળવારના શુભારંભ થયો. પૂજ્ય સાહેબએ મુંબઈથી ઉગ્ર વિહાર કરી ખપોલીથી ઘાટ ચડીને ખંડાલામાં પધારયા. તેમનું ભાવિકજનોએ ખૂબ ભાવ ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું. તેઓનું ચાતુર્માસ પૂના તરફ છે.

# ગોધરાના અંબે ધામ શક્તિ તીર્થે શ્રી ઉવસગ્ગહરં સાધના અનુષ્ઠાન સાનંદ સંપન્ન થયા




કચ્છ પ્રદેશના માંડવી તાલુકાના અંબેધામ શક્તિ તીર્થના ત્રીસમા પાટોત્સવની પૂર્વ સંધ્યાએ અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં યુવા વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયાના સંગીતમય સંગાથ સથવારે શ્રી ઉવસગ્ગહરં સાધના અનુષ્ઠાન સાનંદ સંપન્ન થયા. ભાવિકભાઈ બહેનાના ઉત્સાહ આનંદ ભર્યા સહભાગથી ઉપસ્થિત સૌ ધર્મ લાભ પામ્યા હતા.




## બાગલકોટ કર્ણાટકના શ્રીવિમલનાથ જૈન દેરાસરની ૧૬મી ધ્વજા મહોત્સવ

કર્ણાટક રાજ્યના બાગલકોટ નગરના શ્રી વિમલનાથ જૈન દેરાસરના ૧૬મા ધ્વજા મહોત્સવ તા.૨મે તથા ૩મે ના રોજ શ્રી વિમલનાથ જૈન દેરાસર, નવનગર, બાગલકોટમાં ભવ્યતાથી યોજાશે. વૈશાખ સુદ બીજ તા.૨મેના બપોરે ૨ વાગે અઢાર અભિષેક અને વૈશાખ સુદ ત્રીજ અખાત્રીજના સવારના ૧૧ કલાકે ૧૬મી ધ્વજારોહણ થશે.

## શ્રી નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘની કારોબારી સમિતિના નવા પદાધિકારીઓની નિયુક્તિ

શ્રી નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘની કારોબારી સમિતિના નવા પદાધિકારીઓ નિયુક્ત થયાં. જેમાં પ્રમુખ તરીકે શરદકુમાર દેવરાજ મારૂ, ઉપપ્રમુખ તરીકે બિપિનભાઈ ગાંગજી શાહનંદ, માનદમંત્રીપદે શ્રીમતી માલતીબેન હરીશ ધરમશી, સહમાનદ્મંત્રીઓ તરીકે ભાવેશભાઈ ભવાનજી ગોસર, મનિષભાઈ ચુનીલાલ સાવલા અને દીપેશભાઈ વિનોદચંદ્ર વિસરીયા, ખજાનચી પદે જયેન્દ્ર મોરારજી રાંભિયા તથા સહખજાનચી તરીકે અશોકભાઈ ભવાનજી દેઢિયા તથા ટ્રસ્ટી પદે એડવોકેટ મિનલ ખોના.

## ખાનદેશ વિભાગના ચોપડા સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણાનો ચાતુર્માસ નક્કી થયું

મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રદેશના જલગામ જિલ્લાના ચોપડા નગરના કદઓ જૈન સંઘના શ્રી મુનિસુવ્રત સ્વામી દેરાસર ખાતે પ.પૂ.સાધ્વી શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણાને ચાતુર્માસ કરવા અચલગચ્છાધિપતિ શ્રી કલાપ્રભસાગરસુરિશ્વજી મ.સા.ની આજ્ઞા આશિષ પ્રદાન થઇ છે. આ હરખ ભર્યા વાવડથી સંઘના શ્રાવક શ્રાવિકાઓના મનમાં હરખની હેલી ઉમટી રહી છે.

# કેડીઓ યુથ ફોરમ હુબલી દ્વારા દ્વિદિવસીય ખેલ ઉત્સવનું આયોજન

તા.૨૧ મે શનિવાર અને તા.૨૨ મે રવિવારના બે દિવસીય ખેલ ઉત્સવનું આયોજન કેડીઓ યુથ ફોરમ હુબલી દ્વારા આયોજન કરાયું છે. આ રમતોત્સવમાં ૫ ગેમ સીંગલ અને ટીમ વચ્ચે રમાશે. જેમાં ૧૬ વર્ષ ઉપરના દક્ષિણ ભારતના કચ્છી મેમ્બર્સ ભાગ લઈ શકશે. ખેલાડી નીચે આપેલ ગેમમાં રજીસ્ટ્રેશન કરી ભાગ લઈ શકશે. ૧) બોક્ષ ક્રિકેટ (૭ જણના ટીમ) ૨) બેડમિન્ટન (સીંગલ) ૩) ટેબલ ટેનિસ (સીંગલ) ૪) ચેસ અને ૫) કેરમ (સીંગલ).

દરેક ગેમમાં વિજેતા થનારને આકર્ષક ઈનામોથી નવાજાશે. રજિસ્ટ્રેશન એન્ટ્રી (આઉટ સ્ટેશન મેમ્બર) રૂા.૧૫૦૦ પ્રતિ વ્યક્તિ દીઠ ફૂડ અને આવાસ સહિત. ગેમ દીઠ રજિસ્ટ્રેશન ૧) ક્રિકેટ ટીમ રૂા.૩૫૦૦ (કુલ્લ ૭ પ્લેયર્સ ૬+૧) ૨) બેડમિન્ટન માટે ખેલાડી દીઠ રૂા.૨૦૦ ૩) ટેબલ ટેનિસ રૂા.૨૦૦ પ્રતિ વ્યક્તિ દીઠ ૪) ચેસ પ્રતિ ખેલાડી દીઠ રૂા.૨૦૦ અને ૫) કેરમ પ્રતિ ખેલાડી દીઠ રૂા.૨૦૦. રજિસ્ટ્રેશન લિન્ક https://forms.gle/YPNJmkUvZnEpDVCe9 ક્રિકેટ ટીમ ફક્ત ૧ વ્યક્તિ ટીમ દીઠ ફોર્મ ભરે.

ટી શર્ટ જર્સી પ્રત્યે ખેલાડીઓને ફક્ત ક્રિકેટ ટીમ માટે અપાશે. આવાસ એકોમોડેશન માટે ફોર્મ ભરવાની લિંક https://forms.gle/Yk4XKv4c7pvvZqt47

વધુ માહિતી વિગત માટે જિજ્ઞેશ મેહુલ નાગડા-૯૯૮૬૨૧૯૮૯૫ તથા ગૌરવ મનિષ ખોના-૮૬૬૦૬૭૭૭૮૦નો સંપર્ક કરવો. રજિસ્ટ્રેશન માટેની અંતિમ તા.૪ મે ૨૦૨૨.

ખેલ ઉત્સવનો બે દિવસનો ટાઈમ ટેબલ નીચે મુજબ રહેશે.

શરૂઆતનો દિવસ તા.૨૦ મે શુક્રવાર સાંજે ૬ કલાકે રજિસ્ટ્રેશન અને ડીનર.

પ્રથમ દિવસ શનિવાર તા.૨૧ મે ૨૦૨૨ સવારે ૬ વાગે હોટલથી રવાના, ૭ કલાકે ક્રિકેટ મેચ શરૂ, ૭.૩૦ થી ૮.૩૦ બ્રેક ફાસ્ટ, ૮.૩૦ થી ૯.૩૦ ઓપનીંગ ફંક્શન, બપોરે ૧ થી ૨ લંચ બ્રેક, ૪ થી ૪.૩૦ ટી બ્રેક, રાતે ૭ થી ૮ ડીનર, રાતે ૮ વાગે પ્રાઈઝ વિતરણ અને ત્યારબાદ હોટલ પરત જવું.

દ્વિતીય દિવસ રવિવાર તા.૨૨ મે ૨૦૨૨ સવારે ૭ વાગે હોટલથી ગ્રાઉન્ડ તરફ જવા રવાના, ૭.૩૦ થી ૮.૩૦ બ્રેક ફાસ્ટ, ૮ થી ૪ સુધી ઈન્ડોરગેમ, બપોરે ૧ થી ૨ લંચ બ્રેક, બપોરે ૪ કલાકે હાઈ ટી, સાંજે ૪.૩૦ થી ૫.૩૦ ઈનામનું વિતરણ, સાંજે ૬ કલાકે પરત હોટલ જવા રવાના.

# પરિવારની પુત્રીના લગ્ન પ્રસંગને જીવનદયા કલ્યાણ પ્રસંગ બનાવ્યું લોડાયા પરિવારે



દયા ધર્મનું મૂળ છે અને જીવદયા જીવનનું અમૃત છે. શ્રી કદઓ જૈન જ્ઞાતિના અમૂલ્ય રત્નો પ.પૂ.મુનિપ્રવર શ્રી મોહિત વિજયજી મ.સા.ના દિવ્ય આશિષ તથા પૂ.ગચ્છાધિપતિ આચાર્ય યુગભૂષણસૂરિશ્વરજી મ.સા. (પંડિત મહારાજ)ની પ્રેરણા થકી માતુશ્રી સરલાબેન જયચંદ લોડાયા પરિવારે અ.સૌ.તેજસ ધનેશ લોડાયાની વહાલી દીકરી સૌ.કાં.ઊર્મિના શુભ લગ્ન પ્રસંગે શ્રી પાંજરાપોળ ગૌશાળ ચેરિટેબલ ટ્રસ્ટ નલિયાને રૂા.૫ લાખનું માતબર દાન આપેલ છે. લોડાયા પરિવારની જીવદયાની ઉદારતાની શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરિટેબલ ટ્રસ્ટ નલિયા અને શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન નલિયાએ અનુમોદના કરી હતી.

# પ.પૂ.સાધ્વીશ્રી અર્હમયશાશ્રીજી મ.સા.નો સંયમજીવનના છઠા વર્ષમાં સફળ પ્રવેશ



દીક્ષા તિથિ ચૈત્ર વદ ૧૨ વિક્રમ સંવત ૨૦૭૩ના દિને સાંયરા ગામના માતુશ્રી હિનાબેન રાજેશભાઈ લોડાયાની લાડલી ધિયાંબાઈ સંસારી નામ કુમારી ભાવિબેન સંયમ જીવન સ્વીકારવાના સંકલ્પ સાથે ઘાટકોપર મધ્યે અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરીને ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ.સાધ્વીશ્રી અર્હમયશાશ્રીજી મ.સા.ના નામે ઓળખ પામ્યા. ભૌતિક જીવનના સુખ, મોહ, માયા, મમતાને સંબંધ સુખને ત્યાગી ભગવાન મહાવીરના વૈરાગ મારગ સ્વીકાર્યાના પાંચમ વર્ષ પૂર્ણ કરી. તા.૨૭ એપ્રિલ બુધવારના ચૈત્ર વદી ૧૨ તિથિ દિને છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરેલ છે. પૂજ્ય સાહેબનો સંયમ જીવનની સફર વર્ષો વર્ષ અવિરત રહી રજતથી આગળ સુવર્ણ અને શતક શિખરે બિરાજે એજ શુભકામના ભાવના સાથે વંદના.

# શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા ખંડાલા હિલ સ્ટેશનમાં ત્રિદિવસીય સંસ્કાર ઘડતર શિબિર પૂર્ણ થઈ





શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા મુંબઈ નજીક ખંડાલા હિલ સ્ટેશનમાં તા.૨૬ એપ્રિલ મંગળવારથી તા.૨૮ એપ્રિલ ગુરૂવાર સુધીની ત્રિદિવસીય સંસ્કાર ઘડતર શિબિર પૂર્ણ થઈ દરેક બાળકો સુખરૂપ રીતે જીવનનું એક યાદગાર સંભારણું લઈને પરત આવ્યા. પ.પૂ.સાધ્વીશ્રી વિશ્વ કીર્તિશ્રીજી મ.સા. આદિઠાણાઓએ નિશ્રા પ્રદાન કરેલ. પૂજ્યશ્રી હવે થોડા દિવસ લોનાવાલામાં સહસ્ત્રફણા સેનેટોરિયમમાં મુકામ કરશે. ત્યાંથી પુના તરફ ચાતુર્માસ સાર્થે વિહાર કરશે. શિબિરમાં સંગીત અને ભક્તિ માટે વિધિકાર સુરેશભાઈ સોની પધારેલ હતા.

# માટુંગા સંઘમાં અચલગચ્છ (વિધિપક્ષ)ની સ્થાપનાના ૯૧૦મા વર્ષની ભવ્ય ઉજવણી કરાઈ

આજથી ૯૧૦ વર્ષ પૂર્વે ગચ્છ પ્રવર્તક પ.પૂ.દાદા આર્યરક્ષિતસૂરિશ્વરજી મ.સા. દ્વારા સ્થાપિત વિધિપક્ષ ગચ્છ (અચલગચ્છ)ની ઉજવણીનો સમગ્ર ભારતભરના અચલગચ્છ સંઘોમાં ઉત્સાહ ઉમંગ છવાયો છે.

સંઘ કૌશલ્યાધાર, સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તી પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ના શિષ્ય યુવા ઓજસ્વી પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની પ્રેરણાથી માટુંગા સંઘમાં અચલગચ્છના ૯૧૦મા સ્થાપના દિવસની ઉજવણી રૂપે સવારે ૬.૪૫ કલાકે નવકાર મહામંત્ર ભાષ્ય જાપ થયા. ત્યારબાદ નવકારશી, સાધર્મિક ભક્તિ પછી અનુકંપાદાન આમરસ સાથે ભક્તિ અને જીવદયા કરાઈ.

નવકાર મંત્ર ભાષ્ય જાપ બૃહદ મુંબઈ પંચ પરમેષ્ટિ મહિલા મંડળ ગોરેગામ વેસ્ટએ કરાવ્યું. સંપૂર્ણ કાર્યક્રમનો લાભ ખૂબજ ઉછળતા ભાવે લીધો. ડુમરાના અ.સૌ.પૂર્વી ભાવેશ દામજી નાગડા લગ્નની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે હસ્તે શ્રીમતી મણિબેન દામજી નાગડા ડુમરાવાળા.

# ડોંબિવલી નગરે ચાતુર્માસ મળ્યાની વધાઈ આરાધના કરવા ગુરૂદેવો પધારશે જેની આનંદ વધાઈ

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના. આજ્ઞા આશિષથી શ્રી જગતનિરંજન પરિવારના પ્રર્વતિની પ.પૂ.સા.શ્રી. અરૂણોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા.શ્રી સદ્‌ગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી રત્નેશગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી રીખવગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી માંગલ્યગુણાશ્રીજી મ.સા., આદિઠાણા ૫ સંઘની વિનંતીનો સ્વીકાર કરી પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રીજીની આજ્ઞા શિરોધાર્ય કરી ડોંબિવલી સંઘમાં વિક્રમ સવંત ૨૦૭૮નું ચાતુર્માસ કરવા પધારશે.

# જિનેશ્વરધામ હૈદરાબાદમાં શાઈનિંગ સ્ટાર પાઠશાળાની વાર્ષિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ બાળકોને ઈનામ વિતરણ કરાયું





શ્રી અચલગચ્છ જૈન સંઘ જિનેશ્વરધામ હૈદરાબાદમાં પ.પૂ. સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીજી લક્ષ્યલીનાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં તા.૨૨ એપ્રિલ શુક્રવારના શાઇનિંગ સ્ટાર પાઠશાળાની વાર્ષિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ બાળકોનું ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરાયું.

# પ.પૂ. સાધ્વીશ્રી વંદનગુણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૧૭ મા વર્ષમાં પ્રવેશ



જખૌના માતુશ્રી ભાગ્યલક્ષ્મીબેન નીતિનભાઈ નાગડાના સુપુત્રી ચૈત્ર વદ ૯ વિક્રમ સંવત ૨૦૬૨ ના દિને સંયમ પંથે વિચારવાનો સંકલ્પ કરી. સાંયરા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.શ્રી. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી અને પ.પૂ.સાધ્વી મૌનગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ.આ. શ્રી વંદનગુણાશ્રીજી મ.સા.ના નામે ઓળખાયા.

સવંત ૨૦૭૮ તા. ૨૪ એપ્રિલ રવિવારના સંયમ જીવન પથના ૧૬ વર્ષ શાતા પૂર્વક કરી સતરમાં વર્ષમાં પ્રવેશ કર્યો. પૂજ્ય સાહેબ રજત વર્ષ પાર કરી. સુર્વણ, હીરક અને શતવર્ષ શિખરે પહોંચે એ જ મંગલ કામના સાથે વંદના.

# ધ્યાન યોગી ગણિવર્યશ્રીનો આગામી મે માસનો સંભવિત વિહાર કાર્યક્રમ

ધ્યાન યોગી પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.એવમ ઓજસ્વી યુવા પ્રવચનકાર પ.પૂ.મુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નો આગામી મે માસના સંભવિત વિહાર રૂટ નીચે મુજબ છે. તા. ૧ તથા ૨ મે રવિ તથા સોમવાર માટુંગા, તા. ૩ મે મંગળવાર સાયન ચુનાભટ્ટી, તા. ૪ તથા ૫ મે બુધવાર તથા ગુરૂવાર પરેલ આદિનાથ જિનાલય, તા. ૬ મે શુક્રવાર અને તા. ૭ મે શનિવાર ભાયખલા-બકરી અડા, તા. ૮ મે રવિવાર ભાયખલા તથા ખેતવાડી, તા. ૯ મે સોમવારથી તા. ૨ જૂન ગુરૂવાર સુધી ૨૪ દિવસ સુધી મરીન લાઇન્સ સ્થિરતા. ગુરૂદેવ વિષે વિશેષ જાણકારી માટે સંપર્ક ૮૮૭૯૯ ૮૯૭૮૭

# પ.પૂ.સા.શ્રી ચંદ્રશિલાશ્રીજી મ.સા. અકસ્માત બાદ સુખ શાતામાં છે

પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલ્લશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રશિલાશ્રીજી મ.સા.નો વરણામા પાસે તા.૨૪ એપ્રિલ રવિવારના સવારે ૭.૩૦ કલાકે અકસ્માત થયો. ત્યાર પછી સાહેબજી સુખશાતામાં છે અને ગ્લોબલ હોસ્પિટલ માંજલપુર વડોદરામાં એડમીટ છે. તબિયત સારી છે. સાહેબને આરામ કરવાની ડોક્ટરની સલાહ છે. કોઈએ કામ વગર ડિસ્ટર્બ નહીં કરવા વિનંતી.

# કચ્છી જૈન સેવાભાવી અગ્રણી તારાચંદભાઈ છેડાના અવસાન બદલ સમસ્ત મહાજન ટ્રસ્ટી પ્રબોધ મુનવરએ શ્રધ્ધાંજલિ આપી

ભૂતપૂર્વ રાજ્યમંત્રી, મુડસ કચ્છી માડુ, સેવા મૂર્તિ જૈન રત્ન તારાચંદ જગશીભાઈ છેડા કાંડાગરા ભુજનું ૭૧ વર્ષની વયે નિધન થયું. સીમ્સ હોસ્પિટલમાં સારવાર લેતાં લેતાં સંથારો લેવાની ઈચ્છા બતાવી અનશન વ્રત લીધા અને ભુજ લાવ્યાના બીજા દિવસે શનિવાર તા.૨૩ એપ્રિલના સાંજે સંથારો સીઝયો અને રાજકીય અને સામાજીક જીવન દ્વારા આજીવન સેવા કરનારનો જીવ મોક્ષ પંથે ગમન કર્યું. સમસ્ત મહાજનના ટ્રસ્ટી અને માનવજ્યોત ભુજના પ્રમુખ પ્રબોધ મુનવરે વિવિધ સેવાભાવી સંસ્થા અને કવીઓ મહાજન દ્વારા સેવાની અખંડ ધૂણી દ્વારા જરૂરિયાતમંદોની અને અબોલ જીવોની સેવા કરનાર મૂકસેવક તથા માનવજ્યોતના માર્ગદર્શક તારાચંદભાઈ છેડાના અવસાન પ્રત્યે શોક વ્યક્ત કરી તેમના સેવાકાર્યોને બિરદાવ્યા હતા. માનસિક વિકલાંગોના આશ્રય સ્થાન રામદેવ સેવાશ્રમના નિર્માણ માટે તથા માનવ જ્યોતની સેવા પ્રવૃત્તિઓ માટે તેમનું અમૂલ્ય માર્ગદર્શન મળતું રહ્યું હતું. તેમના અવસાનથી કદી પણ ન પૂરાય એવી ખોટ પડી છે એવું પ્રબોધ મુનવરે જણાવ્યું હતું.

આ શ્રધ્ધાંજલિનો ૪.૪૩ મિનિટનો યુટ્યૂબ વીડિયો લીંક https://youtu.be/qR_M9rJ0R1k ઉપર ક્લિક કરી જોઈ શકાશે. તારાચંદભાઈની વિદાયથી કચ્છની એક એક વ્યક્તિને ખોટ પડી છે. છેડા દંપતિએ દાંપત્યજીવનની ૫૦મી વર્ષગાંઠ અને પોતાનો જન્મદિવસ રામદેવ સેવાશ્રયમાં સેવા કાર્યો કરીને ઉજવ્યું હતું. માનવ સેવા, જીવસેવાના મસીહા એવા તારાચંદભાઈ અનેક પ્રવૃત્તિઓ અવિરત પણે કરી છે. તેમાંથી પ્રેરણા લઈ અને તેના આગળ વધારીએ એજ તેમને અપાયેલી સાચી શ્રધ્ધાંજલિ હશે તેવું પ્રબોધ મુનવરે અંજલિ આપતા જણાવ્યું હતું.

# યવતમાળ નગરે ચાતુર્માસ મંગલ પ્રવેશ તારીખમાં ફેરબદલની સૂચના

યવતમાળ નગરે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ના ચાતુર્માસ મંગલ પ્રવેશ જે આ અગાઉ તા.૪ જુલાઈ ૨૦૨૨ના હતો તે હવે અનિવાર્ય સંજોગોવશાત તા.૧૦ જુલાઈ રવિવાર આષાઢ સુદ ૧૨ના નક્કી કરાયેલ છે. જેની નોંધ લેશોજી.

જે ગુરૂભક્તોને યવતમાળ આવવું હોય તેઓ મુંબઈથી ધામણગામ રેલવે સ્ટેશને વિદર્ભ એક્સપ્રેસ દ્વારા આવી ત્યાંથી બાય રોડ ૪૫ કિલોમીટર યવતમાળ આવી શકાશે. શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ, કેસરિયા ભવન, લક્કડ ગંજ યવતમાળ.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**શાંતા ખોના**
તા.૨૫ એપ્રિલ (ઉ.૭૨)
બારોઈ-અમેરીકા



**શાંતિલાલ મોમાયા**
તા.૨૬ એપ્રિલ (ઉ.૭૪)
વરાડીયા-ભાંડુપ (પ)



**મણિકાંત લોડાયા**
તા.૨૮ એપ્રિલ (ઉ.૭૮)
સાંયરા-વડાલા



**ચંદ્રિકા ખોના**
તા.૩૦ એપ્રિલ (ઉ.૭૦)
સાંધવ-ડોંબિવલી (પ)

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● માંડવીના દરિયા કાંઠે ૧૮ એકર વિસ્તારમાં બે લાખ ફૂટના બાંધકામ સાથે સો કરોડની લાગતથી ૧૩૨ રૂમની ફાઈવ સ્ટાર હોટેલ નિર્માણ થશે. રઘુવંશી સાહસિક બંધુ રીતેશભાઈ તન્ના અને અનંતભાઈ તન્નાનો આ પ્રકલ્પ માંડવીના મસ્કા ગામની સીમમાં આવેલ ક્રાંતિ તીર્થ વિસ્તારમાં આ પ્રોજેક્ટ સાકાર થવાનો છે. ૧૭૨ રૂમમાંથી ૯૨ રૂમમાંથી સીધી રીતે દરિયો સાવ નજીકથી જોઈ શકાશે. ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ સાથે એમઓયુ કરાયા છે. તમામ મંજુરીઓની પ્રક્રિયાઓ સંપન્ન થવાને આરે છે. પ્રોજેક્ટ માર્ચ ૨૩ સુધી પૂર્ણ થશે અને જૂન ૨૩ થી વ્યાવસાયિક ધોરણે શરૂ કરી દેવાશે. ૧૭૨ રૂમોમાંથી ૩૦ થી ૪૦ ટકા રૂમો એનઆરઆઈ, કોઈ કાં કે રોકાણ કરવા ઈચ્છુક છે તેને કોન્સેપ્ટની ભાગીદારીથી અપાશે. જે કંપનીને નિશ્ચિત વર્ષ માટે ભાડા પર પેટે કંપનીને આપી દે. જેથી રોકાણકારને જાળવણી ખર્ચ નહીં કોઈ સમસ્યા નહી અને વર્ષના અમુક દિવસો ફીમાં રહેવા મળશે અને આવક રળશે.

● પાંચ હજાર વર્ષ જૂની બેન મૂન હડપ્પન સંસ્કૃતિના અવશેષો જ્યાં સચવાયેલા પડ્યા છે તે ધોળા વીરાને યુનેસ્કો દ્વારા તાજેતરમાં વિશ્વ ધરોહર તરીકે જાહેર કરાયા બાદ રોડ ઉપરાંત વિમાની અને રેલ સહિતની ખૂટતી કડીઓ મળે તેવી આશા બની છે. રેલવે મંત્રાલય દ્વારા વિશ્વ ધરોહરને રેલવે સુવિધા સાથે કઈ રીતે જોડી શકાય તે માટેની શક્યતા ચકાસવા કેન્દ્ર સરકાર દ્વારા આદેશ અપાયાના હોવાના અહેવાલ છે. એ આશાના બળે ભવિષ્યમાં ઊભી થનારી આ સુવિધા થકી વાગડના મુખ્ય મથક અને અત્યાર સુધી રેલવે સુવિધાથી વંચિત રહેલા રાપર શહેરમાં પણ ટ્રેન દોડવાની આશા વધુ પ્રબળ બની છે. ભવિષ્યના વિકાસને ધ્યાનમાં લઈને આ સર્વે ખાવડા સુધી કરવામાં આવે તેવું સૂચન કચ્છના સાંસદ દ્વારા કરવામાં આવ્યું છે.

● કચ્છ જિલ્લાના પ્રવેશ દ્વાર ભચાઉ વિસ્તારમાં રેલવે વિભાગ દ્વારા વિવિધ વિકાસ કાર્યો હાથ ધરાઈ રહ્યાં છે. રેલવે ઈલેક્ટ્રીક લાઈન માર્ચ એપ્રિલ સુધી બની જશે તો લાકડિયા, સામખિયાળી, ભચાઉ, ફ્રેઈટ કોરીડોર બનશે. ભચાઉ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મથી મોટું ગુડઝ સેન્ટર બનશે. આ માટે સિક્સ લેન ટ્રેક લગાવવાનું કામ શરૂ થયું છે. વિરમગામ જંક્શન, પાલનપુર સુધી ઈલેક્ટ્રિક એન્જિન ચાલે છે તે આગામી મહિનાઓમાં ઠેઠ ગાંધીધામ સુધી ચાલશે. દિવસ રાત ચાલતી પેસેન્જર ગુડસ ટ્રેઈન થકી ફાટક બંધ હોય ત્યારે મુશ્કેલી સર્જાય છે. વાહનને આવન જાવનમાં સમય બગડતાં અન્ડરબ્રિજ સહિતની કામગીરી પૂર જોશમાં શરૂ કરવા જઈ રહ્યું છે.

● વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું માનવું છે કે પાણીએ પારસ છે. પાણીને બચાવી તેનો સદ્‌પયોગ કરવો જોઈએ. કચ્છ જિલ્લાને ગ્રામ્ય સ્તરે ૧૦૦ ટકા ઘર ઘર નળ જોડાણ થઈ જતાં હર ઘર જલ ધરાવતો રાજ્યનો ૧૨મો જિલ્લો જાહેર કરાયો હતો. જલ જીવન મિશન અંતર્ગત તમામે ઘર નળ જોડાણની ૧૦ તાલુકાના ૮૮૧ ગામોમાંના ૪૦૨૫૬૫ ઘરોમાં ૧૦૦ ટકા નળ જોડાણ કામગરી પૂર્ણ થતાં ભુજ ખાતે વાસ્મો પાણી પુરવઠા વિભાગ દ્વારા પોંખવાનો કાર્યક્રમ વિધાનસભા અધ્યક્ષા ડૉ.નીમાબેન આચાર્યની ઉપસ્થિતમાં થયો હતો.

● અંજારના જાણીતા ડૉ.શ્યામ સુંદર મૂળ આંધ્રપ્રદેશના વતની ૧૯૮૧માં અંજાર હોસ્પિટલમાં તબીબી કારકિર્દીના પ્રારંભ કરી વર્ષોથી અંજારને કર્મભૂમિ બનાવી છે. સમગ્ર કચ્છમાં સારા ડોક્ટર તરીકેની નામના જમાવી છે. પ્રારંભથી કચ્છી ગુજરાતી ભાષા પ્રત્યે લગાવ રહ્યો છે. આજે તેઓ શુધ્ધ ગુજરાતી કચ્છી બોલી શકે છે. તેમના લગ્ન ગુજરાતી ભાષી મહિલા સાથે થયાં છે. પોતાની હોસ્પિટલમાં 'ગૌરવથી બોલો ગુજરાતી' તેમજ 'પ્રેમથી અધિકારથી બોલો કચ્છી'નું સૂત્ર સ્લોગ્ન લખેલ બોર્ડ લગાવ્યા છે. જે તેઓનો કર્મભૂમિ પ્રત્યેની ચાહના દર્શાવે છે. ડૉ.શ્યામ સુંદર ગુજરાતી ભાષાને માતાના દૂધ સાથે જ્યારે અન્ય ભાષાને પૂતનાના દૂધ સાથે સરખાવે છે.

|| નમો નમઃ શ્રી ગુણસાગરસૂરયે || || વરસીતપના પ્રણેતા શ્રી આદિનાથાય નમઃ || || અચલગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાલીદેવ્યૈ નમઃ ||

શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. પ્રેરિત

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઇ - ૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૨ ૯૩૦૪

**સતત 31 વર્ષથી સામુહિક વર્ષીતપ પારણા મહોત્સવ**

## સમુહ વર્ષીતપ પારણોત્સવે સકલશ્રી સંઘો - મહાજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ



**દિવ્યકૃપા :**
રાષ્ટ્રસંત, શાસનસમ્રાટ્, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા
જિનશાસન શિરોમણી, તપરાડ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા
પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મહારાજા

**આજ્ઞા આશિષ :**
સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

**શુભ આશિષ :**
શાસનપ્રભાવક, અખંડ ૨૧મા વર્ષીતપના આરાધક
પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

**પાવન નિશ્રા :**
પ્રશમરસનિધિ, આગમ દિવાકર
પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
આદિ ઠાણા
તથા અન્ય શ્રમણ-શ્રમણી ભગવંતો

શ્રી અખિલ ભારત અચલગચ્છ શ્વે. જૈન સંઘ દ્વારા
સતત 31 વર્ષથી સામુહિક વર્ષીતપ પારણાનું સુંદર આયોજન
મુંબઈ મધ્યે દાતાઓના સહયોગથી થઈ રહ્યું છે.
આ વરસે પણ સમુહ પારણામાં ૨૯૪ તપસ્વીઓ
અક્ષયતૃતીયાના પાવન દિવસે ૧૩ મહિનાના એકાંતરા દીર્ઘતપનું પારણું કરશે.
**આ પ્રસંગે સકલશ્રી સંઘો-મહાજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ.**

**પારણા દિન**
સંવત ૨૦૭૮
વૈશાખ સુદ ૩
(અક્ષય તૃતીયા)
તા. ૩-૫-૨૦૨૨,
મંગળવાર
સવારે ૧૦ થી ૧

**પારણા સ્થળ**
હસ્તિનાપુર નગરી,
સોમૈયા ગ્રાઉન્ડ,
ચુનાભઠ્ઠી રેલ્વે સ્ટેશન સામે,
ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે,
મુંબઈ-૨૨.

### મંગલમય કાર્યક્રમ

| | |
|---|---|
| સવારે ૮.૦૦ કલાકે | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય, ચુનાભઠ્ઠી (પૂર્વ)થી ચતુર્વિધ સંઘ સહ તપસ્વીઓની શોભાયાત્રા |
| સવારે ૮.૩૦ કલાકે. | હસ્તિનાપુરી નગરી, સોમૈયા ગ્રાઉન્ડ પ્રવેશ, માંગલિક, ગચ્છ સ્થાપના દિને ધ્વજ વંદન, પ્રાસંગિક કાર્યક્રમ |
| સવારે ૧૦.૦૦ કલાકે | વર્ષીતપના તપસ્વીઓના પારણાનો પ્રારંભ |
| સવારે ૧૧ થી ૧ કલાકે | સાધર્મિક ભક્તિ |
| બપોરે ૧.૦૦ કલાકે.. | તપસ્વીઓને ઠામ ચોવિહારના પચ્ચખાણ સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ |

નોંધ : તપસ્વીઓને સમયસર સવારે ૮ કલાકે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય, ચુનાભઠ્ઠી પધારવા વિનંતી.

### ગચ્છ ગગને શોભતા, વર્ષીતપના તપસ્વી શ્રમણ-શ્રમણી ભગવંતો

સરળ સ્વભાવી, અખંડ ૨૧મા વર્ષીતપના આરાધક પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. (બાડમેર)

- પ.પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા. (૩૧મું વર્ષીતપ) (કચ્છ)
- પ.પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા. (૨૯મું વર્ષીતપ) (કચ્છ)
- પ.પૂ. મુનિરાજ શ્રી તીર્થરત્નસાગરજી મ.સા. (૨૯મું વર્ષીતપ) (કચ્છ)
- પ.પૂ. મુનિરાજ શ્રી હેમચંદ્રસાગરજી મ.સા. (૩જું વર્ષીતપ) (કચ્છ)
- પ.પૂ. મુનિરાજ શ્રી યશોદયસાગરજી મ.સા. (૧લું વર્ષીતપ) (પાલીતાણા)
- પ.પૂ.સા. શ્રી જયધર્માશ્રીજી મ.સા. (૯મું વર્ષીતપ) (કચ્છ)
- પ.પૂ.સા.શ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા. (૩જું વર્ષીતપ) (કચ્છ)
- પ.પૂ.સા.શ્રી હર્ષકિરણાશ્રીજી મ.સા. (૩જું વર્ષીતપ) (પાલીતાણા)
- પ.પૂ.સા.શ્રી નિપુણરત્નાશ્રીજી મ.સા. (છઠ્ઠું વર્ષીતપ) (કચ્છ)
- પ.પૂ.સા.શ્રી હર્ષનીધીશ્રીજી મ.સા. (છઠ્ઠું વર્ષીતપ) (બીજાપુર)
- પ.પૂ.સા.શ્રી હર્ષશીલાશ્રીજી મ.સા. (૭મું વર્ષીતપ) (વડોદરા)
- પ.પૂ.સા.શ્રી અપૂર્વયશાશ્રીજી મ.સા. (છઠ્ઠું વર્ષીતપ) (કચ્છ)
- પ.પૂ.સા.શ્રી કુશલગુણાશ્રીજી મ.સા. (૨જું વર્ષીતપ) મુંબઈ

**આપના તપની અનુમોદના સાથે ભાવભરી વંદના...**

**લિ. શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ**
અધિકારીઓ, ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો - સમુહ પારણા સમિતિ

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)